
કેતન ત્રિવેદી

એમને ઝૂંપડાંમાંથી મકાન તો મળ્યું, પણ...

# હવે જરૂર છે જાગૃત કરે એવાં શિક્ષણની!






*ગંદી ઝૂંપડપટ્ટીઓ દૂર થઈ અને ત્યાં બન્યાં નવાં નિવાસસ્થાન. આમ છતાં...*

મૂળ ઉત્તર પ્રદેશનાં, પણ વર્ષોથી સુરતમાં આવીને રહેતાં તારાબહેન રામનયન સહાનીનો પરિવાર કલરકામ કરીને ગુજરાન ચલાવે. સુભાષનગર તરીકે ઓળખાતી સુરતની ગંદી-ગોબરી ઝૂંપડપટ્ટીમાં તૂટ્યું-ફૂટ્યું છાપરું બાંધેલું એમાં રહેતાં. ચોમાસામાં તાપીમાં પૂર આવે ત્યારે ઝૂંપડું ખાલી કરવું પડે. ઈ પછી હતાં ત્યાં ને ત્યાં.

જો કે છેલ્લા ચારેક મહિનાથી કોસાડ વિસ્તારમાં નવી તૈયાર થયેલી કૉલોનીમાં રહેવા આવ્યા પછી ખુશ દેખાતાં તારાબહેન કહે છે કે અહીં રહેવાની કોઈ તકલીફ નથી. બધી સગવડ પણ મળે છે. સારું લાગે છે. ફક્ત એમનો જ નહીં, સુભાષનગર અને બીજી ઝૂંપડપટ્ટીઓમાં વસતા આવા અનેક શ્રમજીવી પરિવારો હવે કાચાં ઝૂંપડાંમાંથી એક કે બે રૂમ-રસોડું ધરાવતા પાકા ફ્લૅટના માલિક બન્યા છે.

વાત છે સુરત મહાનગરપાલિકાએ હાથ ધરેલા સ્લમ રિ-ડેવલપમેન્ટ પ્લાનની. આમ તો ઝૂંપડપટ્ટી અને ગંદકી આપણા દેશ માટે નવાઈ નથી, પણ શહેરી વિકાસના નિષ્ણાતો અને નગરનિયોજકોમાં આજકાલ સુરતમાં જે રીતે ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબોને પાકા આવાસ ફાળવવામાં આવી રહ્યા છે એની ચર્ચા છે.

ચર્ચાનું કારણ એ પણ છે કે આ કાર્યની નોંધ છેક રાષ્ટ્રીય કક્ષાએ લેવામાં આવી છે અને આ માટે સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનને જવાહરલાલ નેહરુ નૅશનલ અર્બન રિન્યુઅલ મિશન-જેએનએનયુઆરએમ હેઠળ શ્રેષ્ઠ કામગીરી માટે એવૉર્ડ પણ મળી ચૂક્યો છે.

અંદાજે ૩૫ લાખથીય વધારે વસતિ ધરાવતું સુરત ટેક્સ્ટાઈલ અને હીરા-ઉદ્યોગ માટે જાણીતું છે. ગુજરાતની આર્થિક રાજધાની ગણાતા સુરતમાં રોજગારી માટે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર, આંધ્ર પ્રદેશ, ઓરિસ્સા, રાજસ્થાન એમ દેશના અન્ય પ્રાંતમાંથી મોટી સંખ્યામાં મજૂરો આવીને વસ્યા છે. ૨૦૦૧ની વસતિગણતરીને ટાંકતાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ચૈતન્ય ભટ્ટ કહે છે એમ એ સમયે શહેરની કુલ વસતિમાંથી પંચાવન ટકા વસતિ પરપ્રાંતીયોની હતી.

પરપ્રાંતમાંથી આવતા શ્રમજીવીઓની મોટી સંખ્યાના કારણે સુરતમાં ઝૂંપડપટ્ટીઓની સંખ્યા પણ વધતી ગઈ. તાપીના પટમાં બાપુનગર, સુભાષનગર, નેહરુનગર એમ વસાહતો બનતી ગઈ. એક અંદાજ પ્રમાણે સુરતમાં આજે પાંચ લાખ ૯૨ હજાર લોકો ૪૦૦ જેટલી ઝૂંપડપટ્ટીમાં રહે છે. દર વરસે ચોમાસામાં તાપીમાં પૂર આવે એટલે કૉર્પોરેશનની જવાબદારી વધે. ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવા પડે.

મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર જે.એમ. પટેલ *ચિત્રલેખા*ને કહે છે કે શ્રમજીવી પરિવારોના પુનર્વસવાટ ઉપરાંત એમને રસ્તા, પાણી, ગટર, વીજળી અને શિક્ષણ સહિતની સુવિધાઓ મળી રહે એ માટે કૉર્પોરેશને ૨૦૦૬માં શહેરના વિકાસનો પ્લાન તૈયાર કર્યો હતો. એવામાં જેએનએનયુઆરએમની શરૂઆત થઈ. આ યોજના અંતર્ગત સુરત શહેર માટે રૂપિયા ૨૪૨૮.૯૯ કરોડના જુદા જુદા ૩૪ પ્રોજેક્ટ મંજૂર



Chitralekha- 11/10/2010